**રે.દિ. મુ. નંબર : ૪૧ /૨૦૧૩**

## :આંક–૫ લગત હુકમ :

(૧).. વાદીએ મોજે કડી તાલુકાના વાઘરોડા ગામની સીમના રેવન્યુ ખાતા નંબર ૪૭૪ થી ચાલતી રેવન્યુ બ્લોક/સર્વે નંબરો કે જે (૧) ૯ પૈકી ર હે.૦–આર.૪૦ અને ચો.મી.૪૭, (ર) ર૧/૩ હે.૦–આર.ર૧ અને ચો.મી.ર૫, (૩) ૩૦/ર હે.૦–આર.૪૮ અને ચો.મી.૪૬, (૪) ૧૬૯/૧ હે.૦–આર.ર૪ અને ચો.મી.૩૦, (૫) ૧૮૩/૧ હે.૦–આર.૪૯ અને ચો.મી.૯૪, (૬) ૧૮૩/ર હે.૦–આર.૪૧ અને ચો.મી.૬ર, (૭) ૪૫૧/૧ હે.૦–આર.૪૬ અને ચો.મી.૩૮, (૮) ૪૫ર/૧ હે.૦–આર.૪૬ અને ચો.મી.૦૦, (૯) ૪૫૪/૧ હે.૦–આર.૭૭ અને ચો.મી.૯૦, (૧૦) ૪૫૫/૧ હે.૦–આર.૫૯ અને ચો.મી.૬૮, (૧૧) ૫૦૫/ર હે.૦–આર.૪૩ અને ચો.મી.૫૧, (૧ર) ૫ર૪/૧ હે.૦–આર.૧૬ અને ચો.મી.૧૯, (૧૩) ૫ર૮/ર/૧ હે.૦–આર.ર૪ અને ચો.મી.ર૮, (૧૪) ૬૧૩/૮ ક પૈકી હે.૦–આર.૩૯ અને ચો.મી.૪૬, (૧૫) ૬૧૮/૧ હે.૦–આર.૦૪ અને ચો.મી.૦૫ અને(૧૬) ૬૧૮/ર અ હે.૦–આર.૧૬ અને ચો.મી.૧૯ વાળી જમીનો વાદીના કાકી બબુબેન પાસેથી અમુક રકમ આપી દીધેલ જેની પ્રતિવાદીઓએ સંમતી આપેલી છે તે બબુબેન ૧૦ વર્ષ પહેલાં ગુજરી ગયેલા.

સદરહુ જમીનનો વેરો, શિક્ષણ વેરો વાદી ભરતા આવેલા હોઈ તેઓ કબજેદાર અને માલિક છે તેમજ તે જમીન ઉપર વાદીએ લોન પણ લીધેલ છે. જયારે, પ્રતિવાદીઓના લગ્ન થઈ ગયેલા છે અને તેઓ વાઘરોડા મુકામે રહેતા નથી તેમ છતાં પ્રતિવાદીઓ વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટાને અડચણ, અંતરાય ઉભા કરી " તમારો હકક નથી " તેવી ખોટી તકરાર ઉભી કરી, હકકની માગણી કરેલા હોઈ સદરહુ ખેતીની જમીનોમાં પ્રતિવાદીઓ કે તેમના મરતીયા માણસો ગેરકાયદેસર/ ગેરહકકે પ્રવેશ કરે– કરાવે નહિ કે વાદી પાસેથી બળજબરીપૂર્વક કબજો લે – લેવડાવે નહિ કે વાદીના કબજાને હરકત–હેલો કરે કરાવે નહિ તેવો દાવાના આખરી નિકાલ થતા સુધી કામચલાઉ વચગાળાના મનાઈ હુકમની અરજ નિ.૫ દાખલ કરી, મનાઈ હુકમની માગણી કરેલ છે.

વાદીએ તેઓની દાવા અરજ તેમજ કામચલાઉ વચગાળાની મનાઈ હુકમની અરજી આંક–૫ ના સમર્થનમાં આંક–૦૩ તથા આંક–૧૯ ના દસ્તાવેજી લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## દસ્તાવેજી પુરાવા :

| માર્ક | દસ્તાવેજી લીસ્ટ |
|---|---|
| ૩/૧ | રેવન્યુ ખાતા નંબર ૪૭૪ના ગામ નમુના નંબર ૮(અ)ના ઉતારાની સર્ટિફાઈડ ઝેરોક્ષ નકલ |
| ૧૯/૧ | મામલતદાર અને કૃષિપંચ,કડીનાઓએ કરેલ હુકમની ઝેરોક્ષ નકલ |
| ૧૯/૨ | મામલતદાર અને એ.એલ.ટી.,કડીનાઓએ કરેલ હુકમની ઝેરોક્ષ નકલ |
| ૧૯/૩ | ખરીદ કિંમત ભરવા માટેનો મામલતદારશ્રી,,કડીનાઓએ કરેલ હુકમની ઝેરોક્ષ નકલ |
| ૧૯/૪ | ગામ નમુના નંબર હકકપત્રકનીએન્ટ્રીઓની ઝેરોક્ષ નકલ |

(૨).. વાદીએ કરેલ દાવો અને તેની સાથે રજુ કરાયેલ વચગાળાના કામચલાઉ મનાઈ હુકમ અરજી તેમજ તે સાથે રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવા વિગેરે ઘ્યાને લઈ મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ પ્રતિવાદીઓને કારણદર્શક નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે.

(૩).. સદર દાવાના કામે પ્રતિવાદીઓને દાવાની નોટીસ બજતાં તેઓ સદરહુ દાવાના કામે વકીલો મારફતે હાજર થયેલા છે. પ્રતિવાદી નં.૧ નાને પુરતો અને વ્યાજબી સમય આપવા છતાં કોઈ જવાબ રજુ નહિ કરતાં નિ.૧ લગત તારીખ ૦૭/૦૮/૨૦૧૩ ના રોજ જવાબ આપવાનો હકક બંધ કરવામાં આવેલો. જયારે, પ્રતિવાદી નં.૨ નાએ તેમના એડવોકેટ મારફતે તારીખ ૨૧/૦૮/૨૦૧૩ ના રોજ આંક–૧૩ થી વાદીના દાવા અરજનો તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીનો સયુંકત લેખિત જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૨ નાએ વાદીના દાવાની તથા કામચલાઉ મનાઈ હુકમની હકીકત સબંધે દાવાવાળી જમીનની હકીકત સિવાયની તમામે તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે અને તકરાર લેતાં જવાબના પેરા (૧૨) માં ખરી હકીકતે દાવવાળી મિલકતોના મુળ માલિક પ્રતિવાદીઓના પિતા ઈશ્વરભાઈ બેચરભાઈ પટેલ હતા જેઓને બે પત્નીઓ નામે સુરજબેન તથા બબુબેન હતા. સુરજબેનને એક દિકરી નામે લક્ષ્મીબેન કે જેઓ પ્રતિવાદી નં.(૧) તથા બબુબેનને એક દીકરી નામે ચંદ્રીકાબેન તેઓના વારસ હતા. ઈશ્વરભાઈ બેચરભાઈ પટેલ મૈયત થતાં ખોટુ

અને ગેરકાયદેસરનુ પેઢીનામુ બનાવી ફકત બબુબેન ઈશ્વરભાઈની એકલાની વારસાઈ નોંધ નંબર ૭૮૫ ની દાખલ કરાવી મંજુર કરાવેલી. જયારે પ્રતિવાદી નં.ર સીધી લીટીના વારસ હોવા છતાં કોઈપણ જાતની નોટીસ બજાવ્યા સિવાય વારસાઈ નોંધ મંજુર કરાવેલ. વાદીના પિતા બળદેવભાઈ બેચરદાસ પટેલ તથા મૈયત ઈશ્વરભાઈ બેચરભાઈ પટેલ સગાભાઈઓ હોઈ અને બબુબેન અભણ હોઈ તેઓની મિલકત પચાવી પાડવાના ખોટી નોંધ પડાવી ગણોતીયા તરીકે નામ દાખલ કરાવેલ અને ત્યારબાદ બળદેવભાઈ મૈયત થતાં હાલના વાદીએ વારસાઈની ખોટી નોંધ નંબર ૩૫૬૯ ની પડાવી દઈ વાદીએ તેમનુ નામ દાખલ કરેલ.

વાદી પક્ષે વારસાઈ નોંધ ૭૮૫ તથા વહેંચણીની નોંધ ૩૫૬૯ ની ખોટી તથા ગેરકાયદેસરની પડાવેલી તે સામે રેવન્યુ ઓથોરીટી સમક્ષ વિવાદ દાખલ કરી તે નોંધો નામંજુર કરાવેલ તેમજ વાદીનજા પિતા ગણોતીયા તરીકે દાખલ થયેલા તે માટે મામલતદારશ્રી તથા નાયબ કલેકટરશ્રી તેમજ ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલમાં વિવાદ/અપીલ દાખલ કરતાં વાદીના પિતાનુ ગણોતીયા તરીકે નામ રદ કરાવી, મુળ સ્થિતિ એટલે કે પ્રતિવાદીના પિતાનુ નામ દાખલ થયેલ ત્યારે વાદી કે તેમના પિતાનો દાવાવાળી જમીનો ઉપર કોઈપણ જાતનો લાગભાગ, હિત–હકક સબંધ રહેતો નથી તેવી તમામ હકીકતો જણાવી દાવા અરજ તેમજ કામચલાઉ મનાઈ હુકમની અરજના પેરેગ્રાફોનુ લંબાણપૂર્વક વિવરણ કરી, વાદીનો દાવો તથા કામચલાઉ વચગાળાની મનાઈ હુકમની અરજી ખર્ચસહ રદ કરાવવા જણાવેલ છે.

પ્રતિવાદી નં.ર નાએ તેઓના જવાબના સમર્થનમાં આંક–ર૩ ના દસ્તાવેજી લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## દસ્તાવેજી પુરાવા :

| માર્ક | દસ્તાવેજી લીસ્ટ |
|---|---|
| ર૩/૧ | મોજે વાઘરોડા ગામના ખાતા નંબર ૯૪૭ ના ગામ નમુના નંબર ૮/અ ના ઉતારાની ઝેરોક્ષ નકલ |
| ર૩/ર | મોજે વાઘરોડા ગામના સર્વે નંબર ૧૦/ર અ તથા બ ની, ૩૦/૧, ૧૬૯/૧ |
| ર૩/૩ થી ર૩/ર૩ | ૧૭૦/૧, ૧૮૩/૧, ર૬૪, ૪૧૯/ર, ૪૫૧/૧ તથા ૪૫ર/ર, ૪૫૪/૧, ૪૫૫/૧, ૫૦૫, ૫ર૪/૧, ૫ર૮/ર/૧ તથા ૫ર૮/ર/ર, ૫૩૮/૩, ૫૬૧/૧,૫૬૫, ૬૧૩/ર ક પૈકી, ૬૧૮/૧, ૮૦૧/૧ વિગેરેના ગામ નમુના નંબર ૭–૧રના ઉતારાની નકલો, |

| | |
|---|---|
| ૨૩/૨૪ | નોંધ નંબર ૫૭૫૧ ની ઝેરોક્ષ નકલ |
| ૨૩/૨૫ | પ્રાંત ઓફીસરશ્રી, કડીનાએ આર.ટી.એસ.ના કામે કરેલ હુકમની ઝેરોક્ષ નકલ |
| ૨૩/૨૬ | પ્રાંત ઓફીસરશ્રી, કડીનાએ ગણોતના કામે કરેલ હુકમની ઝેરોક્ષ નકલ |
| ૨૩/૨૭ | પ્રાંત ઓફીસરશ્રી, કડીનાએ ગણોત વિવાદના કામે કરેલ હુકમની ઝેરોક્ષ નકલ |
| ૨૩/૨૮ | મહેસુલ પંચે કે.નં.૩૩૯૧૨ તથા૩૪૦/૧૨ના કામે કરેલ હુકમોની ઝેરોક્ષ નકલ |

(૪).. વાદી તરફેના વિ.વ.શ્રીએ દાવા અરજ અને તે લગત રજુ કરાયેલા દસ્તાવેજી કાગળો પરત્વે નિ.૫ ની કામચલાઉ વચગાળાની મનાઈ અરજી સબંધે લંબાણપૂર્વકની દલીલો કરેલ છે.

જયારે, પ્રતિવાદી નં.૨ તરફેના વિ.વ.શ્રીએ આંક–૨૨ થી તેમણે રજુ કરેલ જવાબની હકીકતો સાથે વળગી રહી, વાદીના દાવાની અરજ અને તે સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓનુ દલીલો દરમ્યાન ખંડન કરેલ છે.

(૫).. ઉપરોકત હકીકતે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**// મુદ્દા //**

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું અગવડતા સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૬).. ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**// નિર્ણય //**

(૧) નકારાત્મક.

(૨) નકારાત્મક.

(૩) નકારાત્મક.

(૪) આખરી હુકમ મુજબ.

(૭).. ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને રાખતાં આ કામે મુદ્ધાઓનુ પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદ્ધાઓની ચર્ચા એક સાથે કરવાનુ વ્યાજબી અને ન્યાયી ગણુ છુ અને તે મુજબ નીચે પ્રમાણે ચર્ચા કરુ છુ.

**// કા ર ણો //**

**<u>મુદ્ધા નં.૧ થી ૩</u> :**

(૭).. આ કામે ઉપર્યુકત મુદ્ધાઓની ચર્ચા કરતાં પહેલાં મહત્વની હકીકત એ નોંધવી ઘટે છે કે વાદગ્રસ્ત દાવાવાળી ખેતીની જમીન વાદી તથા પ્રતિવાદીઓના વડવાઓની વડીલોપાર્જીત જમીન છે જે હકીકતને આ કામના પ્રતિવાદી નં.૧ નાએ કોઈપણરીતે પડકારેલ નથી. એટલુ જ નહિ પરંતુ, પ્રતિવાદી નં.ર નાઓએ રેગ્યુ.દિ.મું.નં.૪ર/ર૦૧૩ તથા રે.દિ.મુ.નં.૪૧/ર૦૧૩ ના કામે તેઓ તરફે રજુ કરાવેલ દસ્તાવેજી પુરાવા બંને દાવાઓમાં એકસરખા રજુ કરેલા છે.

આમ, હાલના પ્રતિવાદી નં.(ર) ચંદ્રીકાબેને વાદી કે તેઓના પિતાએ મૈયત બબુબેનને અમુક રકમ આપી સદરહુ તકરારી જમીનોનો કબજો મેળવેલ છે તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો વાદીપક્ષ તરફે રજુ થવા પામેલ નથી. પરંતુ, વાદીના પિતાએ તેઓના ભાઈ ઈશ્વરભાઈ બેચરભાઈ પટેલના મૈયત બાદ વારસાઈ નોંધ પડાવી, ૧૯૭૭ માં મામલતદારશ્રીની કચેરી, કડી ખાતે ગણોતધારાની કલમ ૩ર(ગ) મુજબ ગણોતીયા તરીકે કેસ દાખલ કરેલાનુ તથા અને બબુબેનની હયાતિમાં અમુક રકમ આપી વાદગ્રસ્ત તકરારી મિલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીઅ મેળવેલાનુ રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી કાગળો ઉપરથી ફલિત થાય છે જેનો લાંબો સમય પસાર થઈ જતાં અને પ્રતિવાદી નં.ર નાને હકીકતની જાણ થતાં સદરહુ વાદર્ગસ્ત તકરારી મિલકતોની વારસાઈ નોંધ તથા ગણોતીયા તરીકેની એન્ટ્રી રદ કરવા કડી ખાતેની મામલતદારશ્રીની તથા પ્રાંત કચેરીમાં વિવાદ અને અપીલ દાખલ કરી પડકારેલ છે તેમજ ગુજરાત મહેસુલ ટ્રીબ્યુનલમાં પણ તેની અપીલ થતાં તે કામે તારીખ ૦૭/૦ર/ર૦૧૩ ના રોજ કેસ રીમાન્ડ કરવામાં આવેલો છે ત્યારે હાલમાં વાદીપક્ષ તથા પ્રતિવાદીપક્ષ તરફે દાવાવાળી તકરારી જમીનમાં પડેલ વારસાઈ નોંધ, ગણોતીયા અંગેની નોંધ સબંધે જયારે વિવાદ

હાલમાં ચાલી રહેલ છે અને તેનો નિર્ણય હજુ આવવાનો બાકી છે તેમજ પ્રતિવાદી નં.૧ તરફે આ અંગે સ્પષ્ટ અને સચોટ પુરાવો ટ્રાયલ દરમ્યાન તેઓના થકી તથા પક્ષકારો થકી રજુ થવાનો બાકી હોઈ હાલના તબકકે કોઈ ચોકકસ અનુમાન કરી શકાય તેમ નથી. જો, તેમ કરવામાં આવે તો કોઈપણ એક પક્ષકારને નુકશાન થાય તેવી ભીતિ સેવાઈ રહેલ છે.

આમ, વાદગ્રસ્ત તકરારી જગ્યામાં વાદીનો પ્રત્યક્ષ કબજો ભોગવટો હોવાનુ માની લેવામાં આવે તો પણ વાદી તરફેના મહત્વના દસ્તાવેજી પુરાવાઓની ગેરહાજરીના કારણે માલિક તથા કબજેદાર હોવાનુ પ્રથમ દર્શનીયરીતે માની શકાય તેમ નથી તે જોતાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાઈ આવતુ નથી. વળી, જયારે વાદીનો પ્રથમ દર્શનીય કેસ હાલના તબકકે નકકી કરી શકાય તેમ ના હોવાથી સગવડતા અગવડતાની સમતુલા પણ હાલમાં વાદીની તરફેણમાં નથી. જયારે, તકરારી ખેતીની જમીન બાબતે વિવાદ અને અપીલો દાખલ થયેલી છે અને તેનો નિર્ણય પણ આવવાનો બાકી છે ત્યારે વાદીને હાલના તબકકે કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો ભવિષ્યમાં જયારે પ્રતિવાદીપક્ષના લાભમાં હુકમ થાય તો પ્રતિવાદીપક્ષને નાણાંમાં આંકી ના શકાય તેવુ નુકશાન થવાની પુરેપુરી સંભાવના રહેલી છે.જયારે, હાલમાં વાદી એડવર્ડ પઝેશનમાં હોઈ વાદીને કોઈપણ પ્રકારનુ નુકશાન જાય તેમ નથી.

(૮).. આમ, હાલના તબકકે વાદીને કામચલાઉ વચગાળાનો મનાઈ હુકમ આપવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતો ના હોઈ, આ તબકકે અન્ય ટેકનીકલ બાબતમાં નહિ ઉતરતાં અને વિશેષ ચર્ચા નહિ કરતાં ન્યાયના હિતમાં મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૪ :</u>**

(૯).. સદરહુ કામચલાઉ વચગાળાની મનાઈ અરજીનો નિકાલ કરતા સમયે એ હકીકત ધ્યાને લેવાની રહે છે કે, સદર દાવાનો ટ્રાયલ તેમજ રેવન્યુ ખાતે વિવાદ, અપીલ ચાલવાના બાકીમાં છે ત્યારે હાલની મનાઈ અરજીના નિકાલ કરતી વખતે વાદી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓનુ જે ખંડન કરવામાં આવેલ છે તે દસ્તાવેજી પુરાવાઓ સબંધે પક્ષકારો તરફથી ટ્રાયલ સમયે જે કંઈપણ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી પડકારવામાં ના આવે અને તે બાબતે વિરૂધ્ધનુ પુરવાર

ના થાય ત્યાં સુધી સદરહુ અરજીના હુકમ સમયે કરવામાં આવેલ મુલ્યાંકન અને વિશ્લેષણનુ શંકાને અનુમાન કરી શકાશે નહિ તેમ ઠરાવી મુદ્દા નં.૪ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**/// હુ ક મ ///**

- વાદીની આંક–૫ ની વચગાળાની કામચલાઉ મનાઈ હુકમની અરજ આથી નામંજુર કરવામાં આવે છે.
- પ્રતિવાદી નં.(૨) નાઓએ પ્રતિવાદી નં.(૧) નાને આ હુકમની જાણ કરવી.
- અરજીના ખર્ચ સબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી. પક્ષકારોએ પોત પોતાનુ ખર્ચ જાતે ભોગવવાનુ રહેશે.

આજરોજ તારીખ ૧૭ માહે ઓકટોબર સને ૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં ે વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૭/૧૦/૨૦૧૪.
સ્થળ : કડી

(હીના જીતેન્દ્ભાઈ બ્રહમભટૃ)
[Code No. GJ 01172]
ચોથા એડી.સીવીલ જજ–કડી.